સત્સંગ
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ



# નવદુર્ગા દેવીઓનો પરિચય

**ધર્મ દર્શન**

**બાળકૃષ્ણ વડનેરે**

આસો સુદ એકમથી આસો સુદ દશેરા સુધી દેવી નવરાત્રિની ઉજવણી થાય છે અને આ દેવી નવરાત્ર ઉત્સવના દિવસો પાવન, પવિત્ર અને પુણ્યસંગ્રહ કરવા માટેના છે. દેવીનો 'નવાર્ણ મંત્ર' અતિ સરળ અને યાદ રહે એવો છે. તેનો અર્થ જાણવા જેવો છેઃ 'ૐઐં હ્રીં ક્લીં ચામુંડાયૈ વિચ્ચૈ'. 'ૐ' તો પાવિત્ર્ય છે, 'ઐં' વાણીરૂપ છે, 'હ્રીં' માયાશક્તિરૂપ હૃદયની લેખા રૂપે છે, 'ક્લીં' એ બ્રહ્મથી થયેલ કામરૂપ છે. કામબીજ પછી છઠ્ઠો અક્ષર 'ચ' આવે છે, તે મુખરૂપ છે, આ 'ચ' અક્ષર આકાર સાથે જોડાયા પછી 'ચા' થાય છે અને સૂર્યરૂપે 'મ' છે, દક્ષિણ શ્રોત્રરૂપ પાંચમો સ્વર 'ઉ' છે અને બિંદુ અનુસ્વરૂપે છે તેથી 'મું' બીજ બને છે. પછી 'ડ' અક્ષર છે તે ડ નારાયણરૂપે છે, 'ડ' આ સાથે મળવાથી 'ડા' થાય છે અને 'ચ' વાયુરૂપ છે, આ 'ચ' અધરોષ્ટવાળા બારમો સ્વર 'ઐ' જોડે મળવાથી 'ચે' થાય છે. 'વિચ્ચૈ' આ શબ્દ બીજના સ્વરૂપે છે. આ સંપૂર્ણ મંત્ર અણુરૂપ કહેવાય છે અને ઉપાસકોને મજાનંદ આપનારો છે અને મંત્રનો જપ બ્રહ્મનો સાક્ષાત્કાર કરાવનાર સિદ્ધમંત્ર છે. અને 'દેવીકવચ' દ્વારા શ્રી બ્રહ્માજીએ જે નવદુર્ગાનું વર્ણન કર્યું છે, તે અતિ ગુપિત કવચમાં જે નવદુર્ગા દેવીઓનાં નવ નામોનો ઉલ્લેખ છે તે પણ પવિત્ર પાવન થવા માટે પૂરક છે.

પ્રથમં શૈલપુત્રી ચ દ્વિતીયં બ્રહ્મચારિણી॥
તૃતીયં ચંદ્રઘંટતિ કૂષ્માંડેતિ ચતુર્થકમ્॥
પંચમં સ્કંદમાતેતિ ષષ્ઠં કાત્યાયની ચ॥
સપ્તમં કાલરાત્રિતિ મહાગૌરીતિ ચાષ્ટમમ્॥
નવમં સિદ્ધિદાત્રી ચ નવદુર્ગાઃ પ્રકીર્તિતાઃ॥
ઉક્તાન્યેતાનિ નામાનિ બ્રહ્મણેવ મહાત્મના॥

ઉપરોક્ત નવદુર્ગાનાં નામોનું રહસ્ય નીચે મુજબ છે. પ્રથમ શૈલપુત્રી - હિમાલયે તપ કરવાથી મહામાયા



તેમના પર પ્રસન્ન થયાં અને તેમની પુત્રીરૂપે જન્મ્યાં તેથી 'શૈલપુત્રી' કહેવાયાં. બીજું નામ બ્રહ્મચારિણી - સ્વબ્રહ્મસ્વરૂપનું જ્ઞાન કરાવી અને તે સ્વરૂપ આપનારા હોવાથી 'બ્રહ્મચારિણી' કહેવાયાં. ત્રીજું નામ ચંદ્રઘંટા - ચંદ્રમા જેવી સતેજ નિર્મળ મુખાકૃતિ હોવાથી 'ચંદ્રઘંટા' કહેવાયાં. ચોથું નામ કૂષ્માંડા - માનવો જે ત્રણ પ્રકારના તાપોથી પીડાય છે તે ત્રણે તાપોને પોતાના ઉદરમાં સમાવે છે, તેથી 'કૂષ્માંડા' કહેવાયા.

પાંચમું નામ સ્કંદમાતા - સનતકુમાર સ્કંદ સ્વયં પુત્રરૂપે દેવીને ત્યાં જન્મ્યા તેથી 'સ્કંદમાતા' કહેવાયા. (કાર્તિક સ્વામીનાં માતા) છઠ્ઠું નામ કાત્યાયની - દેવોની કાર્યસિદ્ધિ માટે કાત્યાયન ઋષિના આશ્રમમાં પ્રગટ થયાં એટલે 'કાત્યાયની માતા' કહેવાયાં. સાતમું નામ કાલરાત્રિ - સર્વનો નાશ કરે તે કાલ છે. કાલની રાત્રિરૂપ અર્થાત અતિનાશકર હોવાને લીધે 'કાલરાત્રિ' કહેવાયાં.

આઠમું નામ મહાગૌરી - ભગવાન શંકરની અર્ધાંગના શક્તિ. મહાદેવે મશ્કરીમાં દેવીને કાલી કહેલું, તો દેવીએ અતિ ગૌરસ્વરૂપ ધારણ કર્યું અને 'મહાગૌરી' કહેવાયા

નવમું નામ સિદ્ધિદાત્રી - દેવીમા સાત્ત્વિક ભક્તોને સર્વ પ્રકારની સિદ્ધિ અને મોક્ષ આપનારા છે એટલે 'સિદ્ધિદાત્રી' કહેવાયા. આ નવેનવ નામો મહાત્મા વેદ ભગવાન દ્વારા કહેવાયા છે. નવદુર્ગાના સ્વરૂપનું ધ્યાન- ચિંતન- ભક્તિ કરવાથી થતાં લાભ વિષે જણાવતાં બ્રહ્માજી કહે છે.

અગ્નિના દહ્યમાનસ્તુ શત્રુ મધ્યે ગતો રણે॥
વિષય દુર્ગમે ચૈવ ભયાતાઃ શરણં ગતાઃ॥
ન તેષાં જાયતે કિંચિદશુભં રણસંકટે॥
નાપદં તસ્ય પશ્યામી શોક દુઃખ ભયં ન હિ॥
યેસ્તુ ભકયા સ્મૃતા નૂનં તેષાં વૃદ્ધિઃ પ્રજાયતે॥
યેત્વાં સ્મરંતી રક્ષસે તાન્ન સંશયઃ॥

હે મુનિઓ! મનુષ્ય અગ્નિમાં બળતો હોય, રણમેદાનમાં કે અન્ય સ્થળે શત્રુઓથી ઘેરાયેલો હોય, કોઈ પણ વિકટ અને ભય સ્થિતિમાં હોય ત્યારે નવ દુર્ગાનું સ્મરણ કરે તો પણ વિપત્તિ, શોક, દુઃખ અને ભયથી મુક્ત બને છે અને શ્રદ્ધા, વિશ્વાસ સાથે સ્મરણ કરે તો મહાન સિદ્ધિ મેળવી શકે છે. જયમાતાજી દેવીમાનું નિત્ય સ્મરણ કરે છે તો દેવીમા તેનું અવશ્ય રક્ષણ કરે છે એમાં કોઈ સંશય નથી. નીચેના શ્લોકો મુખોદગત કરો, માની કૃપા થશે.

'નમસ્તે જગન્માતે પધારો, ભક્તો પર કૃપા કરો'

**મનુષ્ય અગ્નિમાં બળતો હોય, રણમેદાનમાં કે અન્ય સ્થળે શત્રુઓથી ઘેરાયેલો હોય, કોઇ પણ વિકટ અને ભય સ્થિતિમાં હોય ત્યારે નવ દુર્ગાનું સ્મરણ કરે તો પણ વિપત્તિ, શોક, દુઃખ અને ભયથી મુક્ત બને છે અને શ્રદ્ધા, વિશ્વાસ સાથે સ્મરણ કરે તો મહાન સિદ્ધિ મેળવી શકે છે**

'તન મન ધનથી સેવા કરીએ, સંકટ, દુઃખ મુક્ત કરો' 'તારા શરણે અમે બધા, કૃપા કરો આશિષ ધરો'
'બહુ ગુણવાન ભાગ્યવાન અમને કરો'
'ધર્મવાન યશવાન પરોપકારી વૈરાગ્યવાન કરો'
હે દયાળુ નવદુર્ગાયૈ ભક્તવત્સલ ભક્ત પર કૃપા કરો॥

---



# શિષ્ય ચરિત્ર

**પંચામૃત**

**નીલાક્ષી પરીખ**

મિત્રો, શિષ્ય ચરિત્રને ગતિ આપીએ. જો ક્ષત્રિય ધરીએ તો 'સદાય રણે તત્પરઃ' અર્થાત્ સદા ય રણે તત્પરઃ. રણ મતલબ યુદ્ધ માટે. ક્ષત્રિયનો સંબંધ રક્ષણ સાથે છે. ધર્મ કે રાષ્ટ્ર માટે લડવું પડે તો ક્ષત્રિય સદા તત્પર હોય. એ ડરે નહીં, પલાયન ન કરે, કાયરતા ન બતાવે.

શ્રીકૃષ્ણે અર્જુનને યુદ્ધ માટે તૈયાર કર્યો. વારંવાર અર્જુનને સમજાવ્યો. કહ્યું - યુદ્ધ તારું કર્તવ્ય છે, તારો ક્ષાત્રધર્મ છે. અર્જુનની સામેના પક્ષે સગા-સંબંધીઓ બેઠા હતા. આચાર્યપુત્ર, બંધુ, પિતામહ. કૃષ્ણે કહ્યું - એ ન જો. આ તારા વૈરાગ્યની વાત નથી, વિષાદની વાત છે. તેથી જ ભગવદ્ગીતાનો પહેલો અધ્યાય 'અર્જુન વૈરાગ્ય યોગ' નહીં, પણ 'અર્જુન વિષાદ યોગ' છે.

અર્જુન કહે છે કે મારે આ બધાને મારીને ત્રિલોકનું રાજ્ય મળે તો પણ ન જોઈએ. આવી વાત સાંભળીને કોઈ બીજું હોત તો પ્રશંસા કરત, પણ અહીં તો શ્રોતા શ્રીકૃષ્ણ છે. ક્યારેક શ્રોતા એવો હોય છે કે જે વક્તાની પણ ખબર લઈ લે. વક્તાની કસોટી કરે. પહેલા અધ્યાયમાં વક્તા અર્જુન છે અને શ્રોતા શ્રીકૃષ્ણ છે. શ્રોતા શ્રીકૃષ્ણે અહીં પ્રશંસા ન કરી, ગાળો સંભળાવી છે. કહ્યું છે - આ તારા હૃદયની દુર્બળતા છે, છોડ કાયરતા. 'નપુંસક' કહ્યું છે.

સૌરાષ્ટ્રની કથા છે - હમીરસિંહજી ગોહિલ હરજારીયોની સાથે બેઠા છે. શ્યામનંદ ઘોળ પીરનાયએ ઘોષ વગાડ્યો અને કહ્યું - દોડો, દોડો! આક્રમણ થઈ રહ્યું છે. યવન સોમનાથ પર આક્રમણ કરવા આવી રહ્યા છે. હમીરસિંહ ગોહિલ અને દરબારીઓ તત્ક્ષણ ઊભા થઈ ગયા. રણે તત્પરઃ. તુરત જ શસ્ત્રસજ્જ થઈને અશ્વ પર આરૂઢ થયા.

દરબારગઢમાંથી એક દાસી દોડતી-દોડતી આવી અને સમાચાર આપ્યા કે 'રાણીએ પુત્રને જન્મ આપ્યો છે.' જુઓ, આપ યુદ્ધ માટે જાઓ છો. ધર્મની રક્ષા માટે જાઓ છો. કોને ભરોસો નથી? ભગવાન કરે, આપ વિજયી બનીને પાછા આવો, પણ જો વીરગતિ પ્રાપ્ત કરો તો કમ સે કમ બાળકનું મુખદર્શન કરીને તો જાઓ.

હમીરસિંહ ગોહિલે જવાબ આપ્યો કે - મારા સોમનાથ પર આક્રમણ થઈ રહ્યું છે અને આ સમયે જો હું બાળકનું મુખદર્શન કરવા રોકાઈ જાઉં તો મારો ક્ષાત્રધર્મ લજ્જિત થાય. જો જીવતો આવીશ તો જરૂર બાળકનું મુખ જોઈશ, ન આવી શકું તો બાળકને ખૂબ ખૂબ પ્યાર. એ આ પરંપરાને આગળ વધારશે. સેવા અને આશીર્વાદ! હમીરસિંહ ગોહિલ પોતાના નાનકડા સૈન્ય સાથે ધર્મરક્ષા માટે નીકળી પડ્યા! લડતાં-લડતાં ખપી ગયા.

આજે પણ સોમનાથ જઈશું તો ભગવાન સોમનાથનાં દર્શન કરતાં પહેલાં હમીરસિંહ ગોહિલની જાળીને પ્રણામ કરવા પડે છે. મંદિર પરિસરમાં જ જાળી છે. આ શહાદત, આ શૌર્ય અને કૃપા! 'સદાય રણે તત્પરઃ.'

હવે વૈશ્ય માટે 'સદાય ચરણે તત્પરઃ'નો શું અર્થ છે? ચરણ

**મારા સોમનાથ પર આક્રમણ થઈ રહ્યું છે અને આ સમયે જો હું બાળકનું મુખદર્શન કરવા રોકાઈ જાઉં તો મારો ક્ષાત્ર ધર્મ લજ્જિત થાય**

મતલબ વિચરણ. ચરણે વિચરણ તત્પરઃ એ તો વેપારી છે ને? વૈશ્યનું કામ છે વેપારનું. એણે બેસી રહેવાનું નથી. એણે તો વેપાર માટે વિચરણ કરવાનું છે.

જૂના જમાનામાં તો વેપાર માટે પોઠિયાં લઈને જતા. વેપાર માટે દેશ-દેશાવર ફરતા. અહીંથી સામાન લઈ વિક્રય કરીને પાછા ત્યાંથી ખરીદવા જેવું લાવી વેચાણ કરતા. બંને તરફનો નફો કરે, એક આણો વળી કરના રૂપમાં રાજાને ચૂકવે અને દાનના રૂપમાં ધર્મની સેવામાં ખર્ચ કરે. પોતાના ભોગ માટે રાખી પોતાનો જીવનનિર્વાહ કરે. એવો ધર્મનિષ્ઠ વૈશ્ય 'સદાય ચરણે તત્પરઃ' કહેવાશે, જે ચરણ-વિચરણમાં તત્પર છે, ઉદ્યમી છે, આળસુ નથી અને નીતિપૂર્વક વેપાર કરે છે.

એવો વૈશ્ય ભગવાન પાસે યાચના કરે - 'શંકરાત્ કલ્યાણમ્.'

હવે શૂદ્રની પણ પ્રાર્થના એ જ હશે - 'સદાય ચરણે તત્પરઃ.' ચરણ સેવામાં છે, જે સદા દ્વિજ વર્ણોની સેવામાં છે. ચરણ તત્પરઃ. કઠિન છે સેવાધર્મ.

નિરંતર સ્વામીના સુખ-સુવિધાની સતત ચિંતા અને ચિંતન કરનારો હોય. સદા સેવામાં જ તત્પર. સ્વામી પાણી માંગે ને ૪૨૨ વાર છલસતું-છલસતું આવે એમ નહીં. સમય-સમય પર વગર માંગ્યે જોઈતી વસ્તુ આપે.

શૂદ્ર શબ્દ ખૂબ જ સરસ છે, પણ આજકાલ આપણે જેને 'ગુલામ' જેવો બનાવી દીધો છે. ગુલામ નહીં, સેવક થવાની ધન્યતા છે. 'શુશ્રૂષતે ઈતિ' - બાકીના વર્ણોની જે ચિંતા કરે છે. શૂદ્ર વર્ણ જે સેવાના ક્ષેત્રમાં છે. સેવા વગર ત્રણેય વર્ણ પાંગળા થઈ જશે. સેવા વગર ત્રણેય વર્ણનું ધર્માચરણ અસંભવ બનશે.

આજે આપણે જે 'ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ' (GST) ભરીએ છીએ, આ લોકો સર્વિસ પ્રોવાઈડર છે. 'સદાય ચરણે તત્પરઃ' એટલે ચરણસેવામાં સદા તત્પર એવો અર્થ છે. એવી ભગવાન શંકર પાસે કલ્યાણની કામના કરું છું.

[ પૂ. રમેશભાઈ ઓઝા (ટુ-લાઈફ)ના સત્સંગને આધારે.]